#184

Power of Thought 💭

મિત્રો,
આપણે ઘણીવાર કહીએ છીએ કે “સંસ્કાર સારા હોવા જોઈએ.” પરંતુ એક પ્રશ્ન છે… સંસ્કાર આવે ક્યાંથી?
સંસ્કાર કોઈ બજારમાં મળતી વસ્તુ નથી. તે આપણા વિચારોના બીજમાંથી ઉગતું વૃક્ષ છે.

જે વ્યક્તિ રોજ સારા વિચારો કરે છે, સારા પુસ્તકો વાંચે છે, સારા લોકોનો સંગ કરે છે અને દરેક પરિસ્થિતિમાં સકારાત્મકતા શોધે છે, તેના વર્તનમાં ધીમે ધીમે સારા સંસ્કાર દેખાવા લાગે છે.

મિત્રો યાદ રાખીએ,
વિચાર → વાણી બને છે.
વાણી → વર્તન બને છે.
વર્તન → આદત બને છે.
આદત → ચારિત્ર્ય બને છે.
અને ચારિત્ર્ય જ વ્યક્તિના સંસ્કાર અને ભવિષ્યનું નિર્માણ કરે છે.

એટલે જો જીવન બદલવું હોય, તો શરૂઆત વર્તનથી નહીં, વિચારોથી કરીએ.

આજનો સંદેશ માત્ર એટલો જ કે,
“વિચારને શુદ્ધ બનાવો, સંસ્કાર પોતે જ સુંદર બની જશે; અને સંસ્કાર સુંદર હશે, તો જીવન સફળ અને અર્થપૂર્ણ બની જશે.”